# અવનવા પરિવેશમાં ગરબે ઘુમતા ખેલૈયા



નગરમાં નવરાત્રી મહોત્સવની ઉજવણી મધ્યાંતરે પહોંચતા આંગણું-ચોક-શેરી-સ્ટેજ-પાર્ટી પ્લોટ મેદાન જ્યાં નજર પડે ત્યાં ગુજરાતી યુવક-યુવતીઓ તેમજ વિદેશી યુવક-યુવતીઓ પણ ગુજરાતી પહેરવેશ એટલે ચણીયા ચોળીમાં સજ્જ થઈ મન મુકીને ગરબે ઘુમી રહ્યા છે. આમ આડા દિવસે લોકો વેસ્ટર્ન આઉટફીટ પહેરતા હોય છે. પરંતુ નવલી નવરાત્રીના નવે નવ દિવસ રાત્રીના સમયે એકદમ પારંપરિક ગુજરાતણની જેમ યુવતીઓ અને યુવકો ગરબે ઘુમતા હોય છે. આ દૃશ્ય નયનરમ્ય દેખાયછે. જે ભારતીય સંસ્કૃતિનો અનેરો માહોલ જોવા મળે છે. વિદેશી લોકો પણ પારંપરિક ભારતીય સંસ્કૃતિને માન સન્માન આપે છે. તેમજ તેઓમાં ગરબાનો અનોખો ક્રેઝ હોય છે. નવરાત્રી દરમ્યાન વિદેશીઓ પણ ભારતીય સંસ્કૃતિને અપનાવી આપણા માહોલ પ્રમાણે પહેરવેશ ધારણ કરી તેઓ પણ નવરાત્રીનો લુત્પ ઉઠાવે છે.

નવરાત્રીના નવે નવ રાત્રે અલગ દેખાવવા માટે નીતનવા ડિઝાઈનર અને સ્ટાઈલમાં આ વખતે કચ્છી વર્ક, રામલીલા, રાઉડી રાઠોડ, મયુરી સ્ટાઈલ સહિત અનેક નવી વેરાઈટીના ચણીયાચોળીમાં ગુજરાતણ ગરબે ઘુમતી હોયછે. જે આકર્ષણનું કેન્દ્ર બની રહે છે. તેમજ વસ્ત્રોની સાથે સુંદરતામાં ચાર ચાંદ તો શણગારથી જ આવે છે. અને એટલે જ તો શણગારને સ્ત્રીની સુંદરતાનું અભિન્ન અંગ કહેવામાં આવે છે. આમ તો આજની મોટાભાગની યુવતીઓ બહુ શણગાર પસંદ કરતી નથી પણ નવરાત્રીમાં તો માથેથી લઈને પગ સુધીનો શણગાર કરવામાં યુવતીઓ કોઈ જ કસર છોડતી નથી. યુવતીઓની સાથે યુવકો પણ ધોતી અને કેડિયુ પહેરી ટ્રેડિશનલ લુકમાં નવરાત્રીનો પૂર જોશની સાથે લહાવો લઈ રહ્યા છે. રબારી કપડા અને ભરેલો ઘેરદાર ચણીયો, માથે સુંદર મજાની ઓઢણી ઓઢીને હિલોળા લેતી ગરવી ગુજરાતણ.. શણગારની સાથે-સાથે ઘરેણાઓમાં ગળામાં ભારે નેકલેસ, લાંબા લટકણ, બાજુબંધ, મોટા કડા તેમજ કોડીવર્ક અને ભરતગુંથણવાળા ઘરેણાં પહેરી ગરબા મેદાનમાં ગરબાની રમઝટ બોલાવતા નવ યૌવન હિલોળે ચઢેલુ જોવા મળે છે. રામલીલાના રામ અને લીલા આ વખતે પણ ગત નવરાત્રીની જેમ દરેક ગ્રાઉન્ડ પર જોવા મળે તો નવાઈ નહી.

ચણીયાચોળીએ આપણો પારંપરિક પોષાક છે પણ આ પોષાક હવે માત્ર નવરાત્રીના દિવસોમાં જ વધારે પહેરાતો જોવા મળે છે. એ વાત તો સાચી જ છે કે આજની યુવતીઓ ફેશનના તાલે રંગાઈને પારંપરિક પોષાકને ભુલી રહી છે. પણ નવરાત્રી એવો તહેવાર છે કે જ્યારે યુવતીઓ ખુબજ દિલથી આપણા પારંપરિક વસ્ત્રો પહેરે છે. તેમજ આનંદથી ગરબાની મજા માણે છે. પારંપરિક વસ્ત્રોની ખરીદી માટે તેઓ નવરાત્રી પહેલાથી જ સજ્જ થઈ જાય છે. નવરાત્રીના નવે નવ દિવસ અલગ અને એકદમ ગુજરાતણ જેવો ભાતીગળ દેખાવ મેળવવા માટે ભાત ભાતના અને જાતજાતના ચણીયાચોળી તેઓ તૈયાર કરાવે છે. જ્યારે આ સમયગાળામાં નીતનવી ચણીયાચોળી પહેરી ગરબે ઘૂમી અવનવી શૈલીમાં ભક્તિ અને શક્તિની ઉપાસનામાં જોડાઈ મા અંબે માની આરાધના કરી રહી છે.

## ચિલોડા ખાતે કેરોસીન મેળવવા કાર્ડધારકોને વલખા મારવા પડે છે

ગાંધીનગર,તા. ૧૮

ગાંધીનગર નજીક આવેલા ચિલોડા ગામે સસ્તા અનાજની દુકાનમાં કેરોસીન માટે લાંબી કતારો સર્જાય છે. તહેવારોના ટાણે જ થતા ધાંધિયાથી લોકોમાં રોષ જોવા મળ્યો હતો. બે ત્રણ કલાક લાઈનમાં ઉભા રહો ત્યારે કાર્ડ ધારકોને કેરોસીનનો પુરવઠો પ્રાપ્ત થાય છે. લાભાર્થીઓને સમયસર કેરોસીન મળી રહે તેવી તેમની માંગણી છે.

રાજ્ય સરકાર દ્વારા ગરીબ વર્ગને દર માસે નિયત કરેલ અનાજ, ખાંડ, કેરોસીન સહિતની



ચીજવસ્તુઓનો જથ્થો રાજ્યભરમાં મોકલવામાં આવે છે. કાર્ડ ધારકો પોતાના વિસ્તારમાં આવેલી સસ્તા અનાજની દુકાન પરથી ચીજવસ્તુઓ મેળવી લેતા હોય છે. પરંતુ કેટલાક દુકાન ચલાવતા લોકો ગ્રાહકોને ધક્કા ખવડાવે છે અને જથ્થો આવ્યો નથી તેવુ જણાવી પાછા ધકેલે છે. ત્યારે તહેવારોના ટાણે જ વસ્તુ મેળવવા લોકોને ધક્કા પડતા હોવાથી રોષે ભરાય છે. ગાંધીનગર નજીક આવેલા ચિલોડા ગામની સસ્તા અનાજની દુકાન પર કેરોસીન માટે લોકોને વલખા મારવા પડે છે. કેરોસીન માટે લાંબી કતારો સર્જાય છે. કાર્ડધારકોને પોતાનો સમય બગાડીને કેરોસીનના જથ્થા માટે બે ત્રણ કલાક સુધી ઉભા રહેવુ પડે છે. બાદમાં કેરોસીન પ્રાપ્ત થાય છે. કેરોસીનની લાંબી લાઈનમાંથી છુટકારો જલ્દી મળી રહે તેમ કાર્ડધારકો ઈચ્છી રહ્યા છે.

## ચિલોડા પ્રાથમિક શાળા ખાતે ચિત્ર સ્પર્ધા યોજાઈ

ચિલોડા, તા. ૧૮

ચિલોડા પ્રાથમિક શાળા ખાતે તાજેતરમાં વન્ય સપ્તાહની ઉજવણી અંતર્ગત ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શાળામાં અભ્યાસ કરતા ૨૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ વિવિધ ચિત્રો રજુ કર્યા હતા. જેમાં પ્રથમ ક્રમે પૂજાબેન મુકેશભાઈ ધુલેરીયા, દ્વિતિય ક્રમે સોનલ તખતસિંહ ઠાકોર, તૃતિયક્રમે અર્પિતા રણજીતસિંહ ચૌહાણ વિજેતા જાહેર થયા હતા. વન વિભાગના અધિકારી પી.એમ. વાઘેલાએ સ્પર્ધકોને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. જ્યારે શાળાના આચાર્યએ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા.

## આજે શહેરમાં ''રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ'' યોજાશે

શહેરમાં આજે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ-૨૦૧૫-૧૬ સ્પર્ધાનું આયોજન સવારે ૯ કલાકે આર.જી. પટેલ કન્યા વિદ્યાલય સે. ૨૩ ખાતે કરવામાં આવ્યુંછે. જેમાં સ્પર્ધાનો મુખ્ય વિષય 'વાતાવરણ અને આબોહવાને સમજીએ' રાખવામાં આવ્યો છે. આ સ્પર્ધામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભાગ લઈ સંશોધનાત્મક પ્રોજેક્ટ રજુ કરશે. ભારત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના નેશનલ કાઉન્સીલ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી કોમ્યુનિકેશન કાર્યક્રમ અંતર્ગત દર વર્ષે રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન સ્પર્ધાનુંઆયોજન કરવામાં આવે છે. જ્યારે ગુજરાતમાં આ સ્પર્ધાનું સંચાલન ગુજકોસ્ટ દ્વારા કરવામાંઆવેછે. શહેરના સેક્ટર-૨૩ કડી કેમ્પસ સ્થિત આર.જી. પટેલ શાળામાં તા. ૧૯-૧૦-૧૫ના રોજ રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન સ્પર્ધાનુંઆયોજન કરવામાંઆવ્યુંછે. સ્પર્ધામાં ૧૦ વર્ષથી ૧૪ વર્ષનું જુનિયર ગ્રુપ જ્યારે ૧૪ વર્ષથી ૧૭ વર્ષનુંસિનિયર ગ્રુપ રાખવામાં આવ્યુ છે. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓ આપણી આજુબાજુના વાતાવરણને ઓળખીએ. વાતાવરણ અને આબોહવા ઉપર માનવજીવનની ગતિવિધિઓ, વાતાવરણ, આબોહવા, પર્યાવરણ, વાતાવરણ, આબોહવા-સમાજ અને સંસ્કૃતિ, વાતાવરણ, આબોહવા અને ખેતીવાડી, વાતાવરણ આબોહવા અને આરોગ્ય સહિતના કોઈપણ એક વિષય પર વિદ્યાર્થીઓએ સંશોધનાત્મક પ્રોજેક્ટ રજુ કરવાનો રહેશે. વિદ્યાર્થીઓએ ૨૫૦૦ શબ્દમાં પ્રોજેક્ટ લખવાનો રહેશે. પ્રોજેક્ટના તારણો ૮ મિનિટમાં ચાર્ટ પેપર અથવા પી.પી.ટી. દ્વારા રજુ કરવાના છે. આ સ્પર્ધામાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ જોડાય તે માટે નિસર્ગ સેન્ટર દ્વારા તમામ પ્રાથમિક, માધ્યમિક શાળાને પરિપત્રો મોકલવામાં આવ્યા છે. વિજેતા તેમજ બધાજ સ્પર્ધકોને સર્ટિફિકેટ એનાયત કરાશે. ગાંધીનગર જિલ્લામાંથી ૧૨ પ્રોજેક્ટ રાજ્યકક્ષાની સ્પર્ધા માટે મોકલવામાં આવશે. તા. ૨૯, ૨૦ ઓક્ટોબર-૨૦૧૫ના રોજ ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ ખાતે યોજાશે.

Special Launch Preview

@ Kudasan, Gandhinagar

a complete residence

શિવાલય™
PARISAR
5 Rooms - Kitchen - Dining

1st time in Gandhinagar
50+
features

A Project By :
S.R
INFRACON

CONTACT:
tps The Property Shop
Chetan Chhaya: 96242 16888, 98245 03011
Kinnar Jhaveri: 98240 21135